Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-10 ■ તા. 28-02-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

જમ્મુમાં એક જ મંચ પર જી-૨૩ ગ્રુપના નેતાઓએ કોંગ્રેસ નેતૃત્વ સામે સવાલ ઉઠાવ્યા

જમ્મુ-કાશ્મીરમાં ભગવા પાઘડી પહેરી બળવાખોરોનો કોંગ્રેસને પડકાર

જી-૨૩ ગ્રુપમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી આનંદ શર્મા, હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા, કપિલ સિબ્બલ, રાજ બબ્બર, વિવેક તન્ખા, ગુલામ નબી આઝાદ સામેલ થયા

શ્રીનગર,તા.૨૭

દેશના સૌથી મોટા રાજકીય પક્ષ કોંગ્રેસમાં નેતૃત્વને લઈને આંતરિક વિખવાદો પહેલેથી ખુલ્લા પડી ગયા હતા, પરંતુ જમ્મુમાં કોંગ્રેસના G-23 ગ્રુપના નેતાઓએ એક જ મંચ પર ગાંધી પરિવાર સામે નેતૃત્વનો મુદ્દો ઉઠાવતાં કોંગ્રેસની સ્થિતિ બદલાઇ ચૂકી છે. જમ્મુમાં એક જ મંચ પર કોંગ્રેસના દિગ્ગજ નેતાઓની ગાંધી પરિવારના નેતૃત્વ સામે એકજૂટતા પાર્ટીમાં મોટી તિરાડના અંદેશા આપી રહી છે.

જમ્મુના આ કાર્યક્રમમાં કોંગ્રેસના કપિલ સિબ્બલ, ગુલામ નબી આઝાદ, રાજ બબ્બર, મનીષ તિવારી અને આનંદ શર્મા સામેલ થયા હતા. તમામ નેતાઓનુ કહેવુ હતું કે પક્ષને મજબૂત બનાવવા માટે જે પણ બલિદાન આપવુ પડશે અમે એ માટે તૈયાર છીએ. કાર્યક્રમને સંબોધતા કોંગ્રેસ નેતા કપિલ સિબ્બલે ગુલામ નબી આઝાદની રાજ્યસભામાંથી વિદાઇને લઇને સવાલ ઉભા કર્યા હતા, તેમનું કહેવુ હતું કે પક્ષ તેમના રાજકીય અનુભવનો ઉપયોગ કરી શકતો હતો, પરંતુ તેમને વિદા કરવામાં આવ્યા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે કોંગ્રેસ હવે નબળી પડી ચૂકી છે અને તેને મજબૂત કરવા એકજૂટ થવાની જરુર છે.

કોંગ્રેસ નેતા આનંદ શર્માએ પણ કોંગ્રેસમાં નેતૃત્વ પર સવાલ ઉઠાવતા જણાવ્યું કે, વિતેલા ૧૦ વર્ષમાં કોંગ્રેસ નબળી બની, એનો એવો અર્થ નથી કે બે ભાઇ અલગ મત ધરાવતા હોય તો ઘર તૂટી જાય છે. અહીં પોતાના મંતવ્યો રજૂ કરવાની વાત છે. મનીષ તિવારીનું કહેવુ હતું કે તમામ રાષ્ટ્રવાદી વિચારધારાવાળા લોકોએ એક જ મંચ પર ભેગા થવુ પડશે જેમાં સૌથી મોટી ભૂમિકા આઝાદ સાહેબની રહેશે.

બીજી તરફ કોંગ્રેસમાં રાહુલ ગાંધીના નેતૃત્વની માંગ કરી રહેલા નેતાઓએ સીનિયર નેતાઓની મોર્ચાબંદી પર રોષ વ્યક્ત કર્યો હતો. તેમના મત મુજબ રાહુલ ગાંધીને પક્ષને મજબૂત કરવા મહેનત કરી રહ્યા છે પરંતુ દિગ્ગજ નેતાઓ વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર કરવાને બદલે તેમની વ્યક્તિગત ફરિયાદોને મહત્વ આપી રહ્યા છે. ટીમ રાહુલ ગાંધીનું માનવુ હતું કે આ પ્રકારની ઘટનાઓથી કોંગ્રેસને મોટુ નુકશાન વેઠવુ પડી શકે છે. જેનો સીધો ફાયદો બીજેપીને થાય એવી સંભાવના છે.

આની પહેલાં ગુલામ નબી આઝાદે કહ્યું કે છેલ્લાં ૫-૬ વર્ષથી આ તમામ મિત્રોએ જમ્મુ-કાશ્મીરને લઇ, અહીંની બેરોજગારી, રાજયનો દરજ્જો છીનવો, ઇન્ડસ્ટ્રીઝને ખત્મ કરવી, શિક્ષણ અને જીએસટી લાગૂ કરવાના મુદ્દાને લઇ સંસદમાં મારાથી કોઇ ઓછું બોલ્યું નથી. પછીતે જમ્મુથી હોય કે કાશ્મીર કે લદ્દાખ, અમે બધા ધર્મ, લોકો અને જાતિનું સમ્માન કરીએ છીએ. દરેક લોકોનો સમાન રીતે આદર કરીએ છીએ. આ અમારી તાકાત છે અને અમે આગળ પણ ચાલુ રાખીશું.

કેન્દ્ર સરકાર હાઇવે અને શહેરના ટ્રાફિકમાં ડિજિટલ યુગની શરુઆત કરશે

ન્યુ દિલ્હી,તા.૨૭

દેશમાં હાઇવે અને શહેરના ટ્રાફિક જગતમાં ડિજિટલ યુગની શરુઆતક કરવા જઇ રહી છે મોદી સરકાર. આ માટે રાજ્યોની પોલીસ અને પરિવહન વિભાગના અધિકારીને હાઇટેક બનાવવાની યોજના અમલમાં લાવવામાં આવશે. જે હેઠળ પોલીસ-ટ્રાફિક અને પરિવહન અધિકારીઓના શરીર પર બોડી કેમેરા લાગશે. જેથી સહજ રીતે ટ્રાફિક નિયમોનો ભંગ કરતા નાગરિકો પર અંકુશ મેળવી શકાય.

દેશભરની પોલીસ અને પરિવહન અધિકારીઓને હાઇટેક સાધનોથી સજ્જ બનવવામાં આવશે, જેમાં તેમના વાહનોના ડેશબોર્ડ પર સીસીટીવી કેમેરા, હાઇવે જંક્શન પર કેમેરા, સ્પીડ કેમેરા લગાવવાની યોજના અમલમાં મુકાશે. આ સિવાય સ્પીડ ગન, વે ઇન મોશન જેવા અન્ય ડિજિટલ ઉપકરણો પણ લગાવવામાં આવશે. બોડી કેમેરાના વીડિયો અને ઓડિયો રેકોર્ડિંગ કોર્ટમાં પૂરાવા તરીકે પણ રજૂ કરાશે. બોડી કેમેરા ચાર રસ્તા પર કે હાઇવે પર ટ્રાફિક કન્ટ્રોલર પર લગાવાશે. જેના લીધે પૈસા પડાવતા વિભાગના અધિકારીઓ પર અંકુશ મેળવી શકાશે. માહિતી મુજબ રાજ્યોના પાડનગર અને ૧૦ લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં આ પ્રકારની ટ્રાફિક વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

આ અંગે માહિતી આપતા પરિવહન મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું કે, ટ્રાફિક વ્યવસ્થામાં ડિજિટલ ઉપકરણો સામેલ થવાથી સિગ્નલ તોડવા, ઓવર સ્પીડ, નો પાર્કિંગમાં પાર્કિંગ, સિટ બેલ્ટ, હેલમેટ, મોબાઇલ પર વાત કરતા ડ્રાઇવિંગ જેવા ટ્રાફિક નિયમોના ભંગના વીડિયો-ઓડિયો રેકોર્ડિંગને કોર્ટ સમક્ષ રજૂ કરી શકાશે.

ટ્રાફિક કંટ્રોલ વ્યવસ્થાને ડિજિટલ કરવાથી વાહન ચાલકો પાસેથી દંડના નામે રોકડી કરતા અધિકારઓ વિરુદ્ધ પર કાર્યવાહી કરી શકાશે. ખાસ કરીને હાઇવે પર ટ્રક ડ્રાઇવર્સ પાસેથી પડાવવામાં આવતા રોકડા પર અંકુશ મેળવી શકાશે.

મોંઘવારીની માર! ૩ દિવસની રાહત બાદ પેટ્રોલ-ડીઝલના ભાવમાં ફરીથી ભડકો

ન્યુ દિલ્હી,તા.૨૭

ઓઇલ બજારમાં ત્રણ દિવસની શાંતિ બાદ આજે ફરી આમ આદમીને મોટો ઝટકો લાગ્યો છે. મંગળબાર બાદ આજે શનિવારે ફરી એકવાર પેટ્રોલ - ડીઝલના ભાવમાં વધારો થયો છે. આજે દિલ્હીના બજારમાં પેટ્રોલ ૨૪ પૈસા પ્રતિ લીટર મોંઘું થયું છે. આ સાથે જ દિલ્હીમાં એક લીટર પેટ્રોલનો ભાવ ૯૧.૧૯ રૂપિયા પર જતું રહ્યું છે. તો બીજી તરફ શનિવારે ડીઝલ પણ ૧૭ પૈસા મોંઘું થયું છે. આ સાથે જ દિલ્હીમાં ૧ લીટર ડીઝલના ભાવ વધીને ૮૧.૪૭ રૂપિયા પર પહોંચી ગયા છે.

અમદાવાદમાં આજે પેટ્રોલ નો ભાવ ૮૮.૩૧ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયો છે. જ્યારે અમદાવાદ માં આજે ડીઝલનો ભાવ ૮૭.૭૪ રૂપિયા પ્રતિ લીટર રહ્યો છે. ગઈકાલે અમદાવાદમાં પેટ્રોલનો ભાવ ૮૮.૦૮ રૂપિયા પ્રતિ લીટર જ્યારે ડીઝલનો ભાવ ૮૭.૫૭ રૂપિયા પ્રતિ લીટર હતો. આજે પેટ્રોલની કિંમતમાં થયો પ્રતિ લિટરે ૨૩ પૈસાનો વધારો જ્યારે ડીઝલની કિંમતમાં પ્રતિ લિટર ૧૬ પૈસાનો વધારો થયો છે.

જોકે છેલ્લા ૩ દિવસથી પેટ્રોલ-ડીઝલની કિંમતમાં કોઈ વધારો થયો ન હતો. પેટ્રોલ અને ડીઝલની સતત વધતી કિંમતથી લોકો પરેશાન થઇ રહ્યા છે. પેટ્રોલ અને ડીઝલની મૂળ કિંમતમાં એક્સાઈઝ ડ્યૂટી, ડીલર કમિશન અને અન્ય ચીજ ઉમેર્યા બાદ તેની કિંમત દરરોજ નક્કી કરવાનું કામ તેલ કંપનીઓ કરે છે.

રાજ્યમાં કોરોના રસીકરણનો ત્રીજો તબક્કો પહેલી માર્ચથી શરૂ થશેઃ ના.મુખ્યમંત્રી

ગાંધીનગર,તા.૨૭

ગુજરાતમાં પહેલી માર્ચથી ૬૦ વર્ષથી વધુ ઉંમરના અને ૪૫ વર્ષથી વધુ ઉંમરના પણ ગંભીર બીમારીઓ સાથેનાં લોકોને કોરોના વેક્સિન આપવાનું શરૂ કરવામાં આવનાર છે. રાજયના ડેપ્યૂટી સીએમ નીતિન પટેલનું કોરોના વેક્સિનને લઈને એક નિવેદન આપ્યું છે.

ડેપ્યૂટી સીએમ નીતિન પટેલે કોરોના વેક્સિનના ત્રીજા તબક્કા વિશે વિગતવાર ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે, રાજયમાં કોરોના રસીકરણનો ત્રીજો તબક્કો પહેલી માર્ચથી શરૂ થશે. તેમણે ગુજરાતની સરકારી હોસ્પિટલોમાં કોરોના વેક્સિન મફતમાં આપવાની વાત કરી હતી, જ્યારે ખાનગી હોસ્પિટલમાં એક રસીનો ડોઝ ૨૫૦ રૂપિયામાં આપવાની જાહેરાત કરી છે. એટલે કે કોરોના વેક્સિનનો ભાવ ૧૫૦ રૂપિયા છે અને ખાનગી સેન્ટર પર પ્રોસેસિંગ ફી ૧૦૦ રૂપિયા રહેશે. આગામી ૧ માર્ચથી રાજયમા ૬૦ વર્ષથી વધુની ઉંમરનાને કોરોના વેક્સિન અપાશે. રાજયની ૫૨૨ માન્યતાવાળી ખાનગી હોસ્પિટલમાં કોરોના વેક્સિન મળશે. કોરોના વોરિયર્સ માટે અગાઉ રસીનો જથ્થો અપાયો હતો. તેમણે ઉમેર્યું હતું કે ૩ લાખની રસીનો જથ્થો હાલ રાજય સરકાર પાસે ઉપલબ્ધ છે. હોસ્પિ.માં રસીની કિંમત ઓનલાઈન ચૂકવવી પડશે. રસી લેવી સ્વૈચ્છિક છે ફરજિયાત નથી.નીતિન પટેલે કોરોના વેક્સિનની કિંમત વિશે ટ્વિટ કરીને માહિતી આપી છે.

નીતિન પટેલે વધુમાં જણાવ્યું હતું કે, વિશ્વની તુલનામાં ભારતમાં નજીવા દરે કોરોના વેક્સિન અપાઈ રહી છે. ભારત સરકારના અર્થાંગ પ્રયત્નોના કારણે ગુજરાતને વિના મૂલ્યે રસી આપવાની જાહેરાત કરાઈ છે. સરકારી યોજનાની માન્યતા વાળી હોસ્પિટલમાં પણ કોરોના રસી મળશે. કોરોના વોરિયર્સ માટે કેન્દ્ર સરકારે અગાઉ રસીનો જથ્થો અપાયો હતો.

ગુજરાતમાં ૧લી માર્ચને સોમવારથી ૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટીઝન અને ૪૫ વર્ષ સુધીના ગંભીર પ્રકારના રોગોથી પિડિતા નાગરીકો માટે કોરોના સામેની વેક્સિનનો પહેલો ડોઝ આપવાની પ્રક્રિયા શરૂ થશે. વેક્સિનેશનના બીજા તબક્કાની જાહેરાત કરતા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને ઉપરોક્ત વય મર્યાદા ધરાવતા મંત્રીઓ, ધારાસભ્યો અને સાંસદો ક્યારે રસી લેશે એમ પુછવામાં આવતા તેમણે તમામને રજિસ્ટ્રેશન કરાવવુ પડશે એમ જણાવ્યુ હતુ.

રજિસ્ટ્રેન માટે બે પ્રકાર છે. એક મોબાઈલ નંબર ઉપરથી મહત્તમ ચાર લોકો રજિસ્ટ્રેશન કરાવી શકશે. તેના માટે ડોક્યુમેન્ટમાં આધાર કાર્ડ, વોટિંગ કાર્ડ, પાસપોર્ટ, લાયસન્સ, પાન કાર્ડ, સહિતના ડોક્યુમેન્ટ માન્ય ગણાશે. આ ઉપરાંત જે લોકો ઓનલાઈન રજિસ્ટ્રેશન ન કરાવી શકે તે લોકો માટે ઓન સાઈટ રજિસ્ટ્રેશન પણ રાખવામાં આવ્યું છે. અને આવકની કોઈ સીમા નથી.

પશ્ચિમ બંગાળમાં ધમાસાણઃ ભાજપના ચૂંટણીમાં રથમાં તોડફોડ કરાઈ

કોલકાત્તા,તા.૨૭

૫ રાજ્યો માટે વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર થવાની સાથે જ તેની સૌથી વધારે અસર પશ્ચિમ બંગાળમાં જોવા મળી રહી છે. કોલકાતામાં ચૂંટણીની તારીખોની જાહેરાત બાદની પ્રથમ હિંસાની ઘટના પણ સામે આવી છે. કડાપારા વિસ્તારમાં કેટલાક અજ્ઞાત લોકોએ ભાજપ વિરૂદ્ધનો રોષ ઉતારવા માટે મોડી રાતે પરિવર્તન રથ પર હુમલો કર્યો હતો. જો કે, ભાજપે ટીએમસીના કાર્યકરો સામે હુમલાનો આક્ષેપ કર્યો છે અને તેમની ગાડીઓ, તેમાં લાગેલા એલઈડી ટીવીમાં ભારે તોડફોડ થઈ હોવાનો દાવો કર્યો છે.

પશ્ચિમ બંગાળમાં ચૂંટણીનું રણશિંગુ ફુંકાવાની સાથે જ ભાજપ અને ટીએમસી વચ્ચેનું ઘમસાણ તેજ થયું છે. મોડી રાતે થયેલી આ હિંસક ઘટના બાદ બંને દળ વચ્ચેની અથડામણને ફરી હવા મળી છે. ચૂંટણી પંચે બંગાળમાં ચૂંટણીની તારીખની જાહેરાત કરી તે સાથે જ તૃણમૂલ કોંગ્રેસના ગુંડાઓએ ડર્યા વગર રાતે ૧૧ વાગે ભાજપના કડાપારા ગોડાઉનમાં ઘૂસીને ર્ઈઢ ગાડીઓમાં તોડફોડ કરી હતી અને એલઈડી કાઢીને લઈ ગયા હતા.

બંગાળ ભાજપના પ્રભારી કૈલાશ વિજયવર્ગીયે આ ઘટનાનો વીડિયો ટ્વીટ કર્યો હતો અને 'કદાચ ગુંડાઓએ ચૂંટણી પંચને પડકાર આપ્યો છે' તેવી ટેગલાઈન લખી હતી. ઉલ્લેખનીય છે કે, શુક્રવારે ચૂંટણી પંચે બંગાળમાં ૮ તબક્કામાં ચૂંટણીની તારીખોની જાહેરાત કરી હતી. ૮ તબક્કામાં ચૂંટણી યોજવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય હિંસક ઘટનાઓ પર લગામ કસવાનો હતો પરંતુ બંને પક્ષ વચ્ચે જે રસાકસી જામી છે તેમાં વારંવાર આવી ઘટનાઓ સામે આવી રહી છે.

અમેરીકા લોસએન્જલસ ના નોર્વોક સ્થિત

શ્રી રાધાકૃષ્ણ મંદિરના શાસ્ત્રીજી શ્રી ભરતભાઈ રાજગોર અને શાસ્ત્રી શ્રી નલિનીબેન રાજગોર દ્વારા કોવિડ ૧૯ માં શરૂ કરી અનોખી જનસેવા

શ્રી રાધાકૃષ્ણ મંદિર નોર્વોક કેલિફોર્નિયા દ્વારા જ્યાર થી કોવિડ ૧૯ આવ્યું ત્યાર થી (લગભગ માર્ચ ૨૦૨૦ થી) રોજ સવારે ૭ વાગ્યા થી ૮-૧૦ સુધી મંદિરના શસ્ત્રી શ્રી ભરતભાઈ અને શાસ્ત્રી શ્રી નલિનીબેન રાજગોર દ્વારા ' પ્રાણાયામ અમે યોગ નિદ્રા ' Zoom વેબીનાર દ્વારા તદ્દન ફ્રી માં કરાવવામાં આવે છે...

ભરતભાઈ જુદી જુદી મુદ્રાઓ અને અલગ અલગ પોઈન્ટ દબાવી વિવિધ પ્રકાર ના પ્રાણાયામ કરાવી કેલિફોર્નિયા,ન્યુજર્સી,ઓહાયો,અને શીકાગો થી રોજ લગભગ ૫૫ થી ૬૫ ભાવિકો આ પ્રાણાયામ નો લાભ લે છે. આ પ્રાણાયામ દ્વારા અનેક ભાવિકોને શારીરિક અને માનસિક લાભો થયા છે... થાઈરોડ - અસ્થમા - કોલોસ્ટ્રોલ - સુગર જેવા રોગો માં ફાયદા થયા છે એટલું જ નહિં અરવાઈન સીટીના એક મુસ્લિમ ભાઈ શબીરજી તો કહે છે કે છેલા ૧૦ વર્ષથી મારા આંગળા વળતા ન્હોતા જેના માટે અનેક ઉપાય કર્યા પણ ફરક પડતો... અને ૪ મહિનામાંજ આ પ્રાણાયામ દ્વારા મને ઘણું સારૂ થઈ ગયું છે. ગુજરાતી સિવાય અન્ય ભાષીને સમજાય એ માટે શાસ્ત્રીજી સુચનાઓ માટે હિંદી ભાષાનો પ્રયોગ કરે છે તે ઘણું સારુ કહેવાય...

કોવિડ ૧૯ માં લોકો ડીસ્પ્રેશન માં ના જાય અને સ્વાસ્થ્ય સારૂ રહે તે હેતુથી આ પ્રાણાયામ નો પ્રારંભ કરવામાં આવ્યો છે અને હવે રોજ આ પ્રાણાયામ ની સેવા ચાલું રહેશે.અને આ યોગા કાર્યક્રમ માં જોડાવા માટે Meeting ID 864 7601 3072 & Passcode 437063 .

(તસ્વિર અને માહિતી ; - નિલેશ પટેલ અને કાન્તિભાઈ મિસ્ત્રી, કેલિફોર્નિયા)

મહારાષ્ટ્રના ૩૬માંથી ૨૮ જીલ્લાઓમાં સંક્રમણના કેસો વધ્યા

મહારાષ્ટ્ર સહિત આઠ રાજ્યોને કોરોના વિરુદ્ધ કડક પગલાં લેવા કેન્દ્રની સૂચના

ન્યુ દિલ્હી,તા.૨૭

દેશના કેટલાક રાજ્યોમાં કોરોના સંક્રમણના કેસોમાં અચાનક આવેલા ઉછાળાથી દેશભરમાં ચિંતાની લહેર ફરી વળી છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેબિનેટ સચિવ રાજીવ ગૌબાએ મહારાષ્ટ્ર, પંજાબ, ગુજરાત, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, તેલંગાણા અને જમ્મુ-કાશ્મીરના ચીફ સેક્રેટરી સાથે ઉચ્ચ સ્તરની બેઠક કરી હતી. આ રાજ્યોમાં વિતેલા દિવસો દરમિયાન સંક્રમણના કેસો વધી રહ્યા છે. બેઠક દરમિયાન કેબિનેટ સચિવે રાજ્યોને સાવચેતી અને જાગૃકતા વધારવાના નિર્દેશ આપ્યા હતા. આ રાજ્યોમાં સરકારે કોરોના ગાઇડલાઇનના કડક પાલન પર જોર આપતાં દૈનિક સ્તરે કોવિડ ટેસ્ટિંગ વધારવાના આદેશ કર્યા હતા. રસીકરણ અભિયાન વચ્ચે વિતેલા દિવસોમાં દેશભરમાં કોરોના સંક્રમણના કેસોમાં વધારો નોંધાયો હતો. જેના લીધે પ્રભાવિત રાજ્યો અને પ્રદેશોમાં કડક પ્રતિબંધો ફરીથી લાગૂ કરવાની સ્થિતિ પેદા થઇ હતી.

સૌથી વધુ પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્રમાં પણ સ્થિતિ ગંભીર પરિણામ લઇ ચૂકી છે. અહીં દૈનિક સ્તરે સૌથી વધુ ૮,૩૩૩ નવા કેસ સામે આવ્યા હતા અને કેસમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. અહીંના ૩૬માંથી ૨૮ જીલ્લાઓમાં કોરોના સંક્રમણના કેસ સતત વધી રહ્યા છે, જ્યારે વિતેલા ૧૦ દિવસમાં ૨૧ જીલ્લાઓમાં સંક્રમણ વધ્યુ હોવાના સરકારી અહેવાલ છે. વિદર્ભ, અમરાવતી, અકોલા અને યવતમાલ કોરોના સંક્રમણના નવા હોટસ્પોટ તરીકે ઉભરી આવવાથી મહારાષ્ટ્ર ફરી એકવાર કોરોના સંક્રમણની ઝપેટમાં આવતું દેખાઇ રહ્યું છે.

બીજી તરફ કેરળમાં દૈનિક ૩૬૭૧ અને પંજાબમાં ૬૨૨ નવા કેસ સામે આવતા કેન્દ્ર સરકાર માટે ચિંતા વધી રહી છે. સ્વાસ્થ મંત્રાલયના જણાવ્યા મુજબ વિતેલા ૨૪ કલાકમાં દેશભરમાંથી ૧૬ હજારથી વધુ કેસ સામે આવ્યા હતા, જેમાંથી ૮૫.૭૫ ટકા કેસ છ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી સામે આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે દેશમાં હાલ કોરોના રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે અને પહેલી માર્ચથી રસીકરણનો બીજો તબક્કો શરુ થશે, એવામાં દેશમાં કોરોના સંક્રમણે ફરીવાર માથુ ઉંચકતા કેન્દ્ર સરકારે રાજ્યોને રસીકરણ ઝડપી બનાવવાના ઉપાયો અમલમાં લાવવાના આદેશ આપ્યા હતા.

આંતરરાષ્ટ્રીય યાત્રી ઉડાનો પરનો પ્રતિબંધ ૩૧ માર્ચ સુધી લંબાવાયો

ન્યુ દિલ્હી,તા.૨૭

નાગરિક ઉડ્ડયનના મહાનિર્દેશક દ્વારા આંતરરાષ્ટ્રીય વ્યાપારી મુસાફરોની ફ્લાઇટ સેવાઓ પરના પ્રતિબંધને વધારવામાં આવ્યો હતો. હવે આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી બંધ રહેશે. અગાઉ, આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ પર પ્રતિબંધની અવધિ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી વધારી દેવામાં આવી હતી. કોવિડ -૧૯ મહામારીને કારણે ગયા વર્ષે ૨૩ માર્ચથી સુનિશ્ચિત આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ સ્થગિત કરવામાં આવી છે.ડીજીસીએના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, જો કે સક્ષમ અધિકારી દ્વારા પસંદગીના રૂટ્સ પર કેસ-ટુ-કેસ આધારે આંતરરાષ્ટ્રીય શેડ્યૂલ ફ્લાઇટ્સને મંજૂરી આપવામાં આવી શકે છે. જોકે ડીજીસીએએ જણાવ્યું છે કે આ પ્રતિબંધ આંતરરાષ્ટ્રીય ઓલ-કાર્ગો અને વિશિષ્ટ પરવાનગી સાથેની ફ્લાઇટ્સ પર લાગુ થશે નહીં.

કોરોના વાયરસ મહામારીના કારણે, નિયમિત આંતરરાષ્ટ્રીય પેસેન્જર એરલાઇન્સને ૨૩ માર્ચથી સ્થગિત કરી દેવામાં આવી છે. જો કે વંદે ભારત અભિયાન અને એર બબલ સિસ્ટમ અંતર્ગત મેથી કેટલાક દેશોમાં વિશેષ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સને સંચાલિત કરવાની મંજૂરી આપવામાં આવી છે. ભારતે અમેરિકા, યુકે, સાઉદી અરેબિયા, કેન્યા, ભૂટાન અને ફ્રાન્સ સહિત ૨૭ દેશો સાથે એર બબલ કરાર કર્યો છે.

તંત્રી લેખ

મતદારો નિરસઃ મોદીજીનું કોંગ્રેસ સફાયો કરવાનું સ્વપ્ન સાકાર થવા જઈ રહ્યું છે કે શું.....?

તાજેતરમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પૈકી ૬ મહાનગરપાલિકાઓની ચૂંટણીઓ યોજાઈ ગઈ અને તેના પરિણામો પણ આવી ગયા જેમાં કોંગ્રેસનુ મોટા ભાગની કોર્પોરેશનમાં નામુ નખાઈ ગયું... તેમ કહીએ તો ખોટું ન કહેવાય..... પરંતુ મનપા ચૂટણીઓમા જે રીતે પાસીગ મતદાન થયું- મતલબ ઓછું મતદાન થયું તે રાજકીય પક્ષોને માટે આમ પ્રજામા વ્યાપી રહેલા આક્રોશનો તમાચો છે...જે વાત ખાસ તો ચૂંટાયેલા નગરસેવકો અને જે તે રાજકીય પક્ષોએ સમજવાની જરૂર છે....! લોકો જે રાજકીય પક્ષના આંતરિક ખેચતાણ અને સ્વાર્થ ભાવના તેમજ કાર્યપદ્ધતિથી કંટાળી ગયા છે. તેમાં પણ ગુજરાતમાં ભાજપ સત્તા સ્થાને આવે કે કોંગ્રેસ પરંતુ ભ્રષ્ટાચાર બાબતે બંને સરખા છે તેવું લોકો સમજી ગયા છે. લોકો એવું કહી રહ્યા છે કે ભાજપાએ કોંગ્રેસને સારી કહેવરાવી છે. લોકો નજરે જોઈ રહ્યા છે કે પાણી પુરતા ફોર્સથી નથી મળતું. આંતરિક રોડ રસ્તાના ઠેકાણા નથી પડતા... ઉપરાંત નવો રસ્તો બનાવ્યા પછી ગટર લાઈન માટે કે અન્ય કારણે ખોદી નાખવામાં આવે ત્યારબાદ રીપેર થતાં જ નથી કે વર્ષો પછી થાય... મતલબ કોર્પોરેશનના જે તે વિભાગો વચ્ચે આંતરિક સંકલનનો અભાવ છે. તો ડ્રેનેજ સહિતની જે તે ફરિયાદોનો નિકાલ કરવામાં વિલંબ થાય છે, રોડ-રસ્તાની સાફ સફાઇ,કચરો ઉપાડી જવો વગેરે માટે સુપરવાઇઝર હોય છે જેઓ સાફ સફાઇ બાબતે શું સુપરવિઝન કરે છે તે કોઈને જોવા કે જાણવા મળતું નથી.... કારણ કે અનેક વિસ્તારોમાં સફાઈ કર્મચારીઓ કચરો લઈ જવાને બદલે ઢગલો કરી બાળી નાખતા હોય છે જે પર્યાવરણ પ્રદુષિત માત્રામાં વધારો કરે છે. તો લોકોને કોરોના કાળમાં માસ્કના કારણે આડેધડ, મનફાવે તેમ દંડાયા હતા જે લોકો ભૂલ્યા નથી ઉપરાત મોંઘવારીએ લોકોની કેડ ભાગી નાખી છે એટલે લોકોને પોતાનો મનમાં ધરબી રાખેલો આક્રોશ બતાવવાનો હક તો છે જ... પરિણામે મતદાન ઓછું થયું છે વાત સ્વિકારી રહી....!

આ બધીબાબતો વચ્ચે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષમાં ઉમેદવાર પસંદગી બાબતે નારાજ કાર્યકરોએ રાજીનામાંનો વરસાદ વરસાવ્યો તો કોંગ્રેસ પક્ષમાં તો યાદવાસ્થળી જામી હતી જે મતદાનના દિવસ સુધી ચાલી હતી. તેમાં પણ કોંગ્રેસમાં જે રીતે પાયાના કે લોકો વચ્ચે રહેતા કાર્યકરોને ખૂણામાં હડસેલી દઈને જે તે નવા કે લાગતા વળગતાને ટિકિટ આપી કે પછી અગમ્ય બાબતોને લઇ ટિકિટ આપી તે કારણે કોંગ્રેસની ઘોર ખોદાઈ ગઈ જેની નોંધ કોગ્રેસ મોવડી મંડળે ગંભીરતાથી નોંધ લઈ ભાજપની જેમજ પક્ષ વિરોધી કાર્ય કરનારા તથા પક્ષપલટો કરનારા તમામનો સફાયો કરી દેવો જરૂરી છે. તે સાથે ઉમેદવાર પસંદ કરનારાઓને ટોટલી કચરા ટોપલીમાં નાખી દેવા જોઈએ. જો કે કોંગ્રેસની જેમ થોડા અંશે ભાજપમાં પણ એવું બન્યું કે રાજકોટમાં ભાજપ આગેવાનની મહિલા કાર્યકરોએ જાહેરમાં ધોલાઈ કરી મોટો હોબાળો મચાવી દીધો હતો, તો સુરતમાં એકી સાથે ભાજપના ૧૦૦ જેટલા પેજ પ્રમુખોએ સાગમટે રાજીનામા ધરી દીધા હતા. તેમજ બંને પક્ષોએ પક્ષપલટો કરનાર કાર્યકરો, નેતાઓ, ઉમેદવારોને પક્ષમાં પ્રવેશ આપીને પક્ષ પલટાને પ્રોત્સાહન આપ્યું હતું. જેના પરિણામરૂપે લોકો બન્ને પક્ષથી કંટાળી ગયા હતા જે કારણે અનેક લોકો આમ આદમી પાર્ટી તરફ વળી ગયા તો કેટલાકો ઓવૈસીની પાર્ટી તરફ વળ્યા જેના પરિણામ રૂપે અમદાવાદમાં ઓવૈસીના પક્ષના ઉમેદવારો ચૂંટાયા તો સુરતમાં કેજરીવાલની આપ પાર્ટીએ ભાજપના ગઢમાં મોટું ગાબડું પાડ્યું અને સુરત મનપામાં વિરોધપક્ષના સ્થાને પહોંચી ગઈ તથા તાજેતરમાં કેજરીવાલના એટલે કે ×આપ×ના રોડ શોમાં માનવ મહેરામણ ઉમટી પડ્યો તેની નોંધ બંને પક્ષોએ લેવી રહી નહીતો ભવિષ્યે વિધાન સભા પ્રવેશ નિશ્ચિત.....! એકંદરે આપએ બંને પક્ષોના કોંગ્રેસ અને ભાજપના અનેક ઉમેદવારોની જીત અટકાવી દીધી જે પરિણામો પરથી દેખાઈ આવે છે. જો કે ભાજપ ×આપ×ને સહન નથી કરી શક્યો જે પ્રદેશ પ્રમુખના નિવેદન પરથી સ્પષ્ટ દેખાઈ આવે છે..... છતાં કોંગ્રેસ માટેતો મોટી ઘોર ખોદાઇ ગઇ છે.... ત્યારે કોંગ્રેસે હવે સાચા અર્થમાં પ્રજા વચ્ચે રહેતા વફાદાર કાર્યકરોને મહત્વ આપવું પડશે.... નહીં તો મોદી સાહેબનું ×કોંગ્રેસનો સફાયો કરવાનું સ્વપ્ન× અવશ્ય સાકાર થશે.....!

સદાબહાર સુર - ૯

અવિનાશ વ્યાસ



હું અમદાવાદનો રીક્ષાવાળો ૯૯૯ નંબરવાળો.

હું અમદાવાદનો રિક્ષાવાળો,

નવસો નવ્વાણું નંબર વાળો,

અમદાવાદપ અમદાવાદ બતાવું ચાલો

એવી રિક્ષા હાંકુ હેરતપામ ઉપર વાળો.

એક વાર આ ગીત સાંભળો પસાવજ પાંચ મિનિટ માં અમદાવાદની જેરીતે સાચુકલી ઓળખગીત કાર અવિનાશવ્યાસે આપીછે.નેઆ. .હા..હાજાણ આખેઆખાઅ મદાવાદ નીસિકલ નજર સામે ઉભી થઈ ગઈ. રીચીરોડ ના અડ્ડા પર ગરમ ફાફડા જલેબી નીસુગંધ ,રાતના સમયની માણેક ચોકમાંપાણી પુરી, ભજીયાઅનેકુલ્ફીની જયાફત, લવગાર્ડન કેલો ગાર્ડનમાંબેઠેલાછોરા- છોરી નીગુટર ગુજેવી મસ્તી ભર્યા અમદાવાદની વાતકરવાની સાથેભદ્રકાળી અનેસાબરમતી નાપાણી ની પરખકરાવનારા બાપુનેયએમણે સ્મર્યાછે અને એમાંય આ ગીતની સાથેજયારેકિશોર કુમારના રમતિયાળ, જરાતોફાની કહીશ કાયએવો સ્વરજાડાયનેત્યાર આપણે પણએમની એ રીક્ષામાં ફરતાં હોઈ એએવું લાગવા માંડે.

૨૬ ફેબ્રુઆરીએ અમદાવાદ દિનઆવે અને સૌને ફિલ્મ' માબાપ'નું આ ગીતતો જરૂરયાદ આવે જપ અને આ એક જ ગીતકેમ એના સાથે બીજુંય એટલું જ પ્રસિદ્ધગીત..

"અમે અમદાવાદી, જેનું પાણીલાવ્યું ભારતની આઝાદી અમે અમદાવાદી"

પણ યાદઆવશે. આ ગીતમાં પણ અમદાવાદ નીતાસીર અને અમદાવાદી ઓની ખુબીને સરસ રીતેવણી લીધી. ગીત સાંભળી એને નજર સામે અમદાવાદની મિલોમાંડી ને અમદાવાદ નીપોળ, શેરી, ગલી, ખડકી તરવરવા માંડે.

પણ આજેતો અવિનાશ વ્યાસની નજર સામે દ્રશ્ય ઉભુ કરતી કલમનાજાદુની સાથે આજે એમના વ્યક્તિત્વના જાદુવિશેવાતકરવીછે.

હું અમદાવાદ ના રીક્ષાવાળો ગીતતો કિશોરકુમારેગાયું જ છે પણ એ ઉપરાંત કિશોરકુમાર દ્વારા ગવાયેલા ફિલ્મ 'લાખોફુલાણી'નું સૌપ્રથમ ગુજરાતી ગીતેકેવીરીતે કિશોરકુમારેગાયુએનાવિશે આજેવાતકરવીછે. કિશોર કુમારકેવા મુડીહતા એ તોસૌનેખબર જ છે. કદાચ ક્યારેક તો એમ નેસન કીની કક્ષાએમુકીશ કાયએવા મુડી હતા. બોલીવુડની ફિલ્મો માટેપણ એમની પાસે ગીત ગવડાવતાનવ નેજાપાણી ઉતરતા એવુંસાંભળ્યુંછેતો આ તો કિશોરકુમાર પાસે ગુજરાતી ગીતગવડાવવાની વાતહતી. લોઢાના ચણાચાવવા જેવી અઘરીવાત એ તો અવિનાશવ્યાસનેકિશોરકુમાર સાથેગાઢ પરિચય. હવે એ સમયે બનતીગુજરાતી ફિલ્મના કોમેડી ગીતમાટ દિગંતઓઝાને કિશોરકુમાર યાદઆવ્યા. હિંદીફિલ્મો કરતાંગુજરાતીફિલ્મો નાઓ છાબજેટ પ્રમાણે એ તૈયાર થશેકેકેમ એ સૌથી પહેલોસવાલ. તેમછતાંઅવિનાશ વ્યાસજેમનું નામ.. હાથમાં લીધેલું કામ પાર પાડવાની એમનામાં દ્રઢતા તો હતી. કિશોરકુમારનું રેકોર્ડિંગ જયાંહ તુંત્યાં ફિલ્મના પ્રોડ્યુસરદિગંતઓઝાઅને નિરંજન મહેતા સાથે પહોંચ્યા.

અહોઆશ્ચર્યમ પ..કિશોરકુમાર અવિનાશવ્યાસને અત્યંત અહાભાવ અને લાગણીથીપગેલાગ્યા. એ જોઈને તોદિગંત ઓઝા અને નિરંજન મહેતા ય નવાઈતોપામી જ ગયા. કિશોર કુમાર જેવાભારતભરના લાડીલા ગાયક અને એક ગુજરાતીને પગેલાગે? હા, પણ એમણે જેજોયું એ હકિકત હતી. આ પ્રભાવ અવિનાશ વ્યાસના હતો, એકઅદનીવ્યક્તિનોહતો.

જેજોયું એ સપના સમાન વાસ્તવિકતાહતી પણ સમસ્યા હવે આવતી હતી. કિશોર કુમારનેગુજરાતીતોઆવડેનહીં. અવિનાશવ્યાસનાપુત્રગૌરાંગ વ્યાસસૌ પ્રથમસંગીતકારતરીકે ઓળખ પામવાના હતા. આ વાતને લઈને અવિનાશવ્યાસે કિશોરકુમારને આગ્રહ પૂર્વકસ મજાવવા પ્રયત્નકર્યો. અવિનાશવ્યાસના આગ્રહ અનેસમજાવટના લીધેહવે કિશોરકુમાર થોડા ઢીલાપડ્યાઅ નેબીજા દિવસે ડીટેલમાંવાત કરવા ઘરે બોલાવ્યા.

બીજા દિવસે સવારે દસવાગ્યેકિશો ર કુમાર નાઘરે પહોંચ્યા તોચોકીદાર થકી જાણવામળ્યુંકેકિશોરકુમાર તો સવાર નાબહાર નિકળી ગયા હતા. અવિનાશવ્યાસની સાથેનિરંજનમહેતા, દિગંતઓઝા, અરૂણભટ્ટઅનેગૌરાંગ વ્યાસહતા. ચોકીદાર નીવાત સાંભળીને સૌનિરાશ તોથયા જ સાથેકિશોર કુમાર નાધૂની સ્વભાવ વિશેજે જાણ કારી હતી એ માંમત્તુવાગીગયું. હવેકિશોરકુમારપાસેગુજરાતીગીતગવ ડાવવાની ઈચ્છાપુરી નહીં જ થાય એમ માનીનેપાછાવળ્યા. બીજા દિવસે અવિનાશવ્યાસે કિશોરકુમાર નેફોન કર્યોત્યારે ખબરપડીકે એ તોઘરમાં જ હતા પણ બારી માંથી અવિનાશ વ્યાસસાથેઅન્ય પાંચ જણને જોઈને એ થોડા મૂંઝાઈ અને ગભરાઈ ગયા હતા એટલે નીચે ન હોતા આવ્યા.

અંતે અવિનાશ વ્યાસે કિશોરકુમાર ને સમજાવી જ લીધા અને કિશોરકુમાર દ્વારા ગવાયેલું ફિલ્મ 'લાખોફુલાણી'નું સૌ પ્રથમ ગુજરાતી ગીત "ગાઓ સૌસાથે તમને બજરંગ બલી નીઆણ છે, શિષ્યોસૌ સંપીને બોલોનારી નરકની ખાણછે." રેકોર્ડથયું. કિશોરકુમારેફિલ્મ' સંતુરંગીલીના 'લોકો તોકહેછે મુંબઈમાંછે બહુકમાણી' ગીતમાટે પણ પોતાનો સ્વર આપ્યોછે. જોકે અવિનાશવ્યાસે ૧૯૫૪માં 'અધિકાર' ફિલ્મ માટે લખેલા ગીત માટે પણ કિશોરકુમાર-ગીતાદત્તે પોતાનો સ્વર આપ્યો હતો. કહેછેકે ગીતાદત્તને પણઅવિનાશવ્યાસ માટે અત્યંત માન હતું. કિશોરકુમારની જેમ ગીતાદત્ત પોતે બંગાળી હોવા છતાં એમણે બંગાળી કરતાંય ગુજરાતી ગીતો વધારે ગાયા છે.

અરે !એક ગુજરાતી ગીતકાર-સંગીતકાર અવિનાશવ્યાસ માટે સ્વરની દુનિયાના દિગ્ગજ કહેવાય એવા મોહમ્મદરફી, લતામંગેશકર, આશા ભોંસલે તલતમહેમુદ, મહેન્દ્રકપૂર, સુમનકલ્યાણપુર પણ પોતાનો સ્વરઆપી ચૂક્યા છે. વાત ક્યાંથી ક્યાં પહોંચી નહીં? આવું જ થાય જુની યાદોની વાત કરી એને તો એમાં ય પોળ, એમાંથી ગલી અનેગલી માંથી શેરી ,ખડકી અને એનાકોઈ ઝરૂખ બેસીને જોઈ એતો આવા કેટલાય કિસ્સા ઓમન માંતા જા થાય.

અવિનાશવ્યાસે તો અમદાવાદ ઉપરાંત બીજા અને કશહેરોની વાતો પોતાના ગીતોમાં વણીછે. જેની વાત ફરી આજ-કાલ કે ભવિષ્યમાં કરીશું.

Rajul Kaushik
http://www.raju54.wordpress.com

જીવનસાથીની પ્રતિષ્ઠાને નુકસાન કરવું તે માનસિક ક્રૂરતા સમાન છેઃ સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૨૭

સુપ્રીમ કોર્ટે સૈન્ય અધિકારીને તેમની પત્ની પાસેથી છૂટાછેડાને મંજૂરી આપીને કહ્યું છે કે જીવનસાથી વિરુદ્ધ માનહાનિની ??ફરિયાદ કરવી અને તેની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડવી તે માનસિક ક્રૂરતા સમાન છે. ન્યાયાધીશ એસ.કે. કૌલની અધ્યક્ષતાવાળી ખંડપીઠે કહ્યું કે ઉત્તરાખંડ હાઈકોર્ટે તૂટેલા સંબંધોને મધ્યમ વર્ગના વૈવાહિક જીવનને સામાન્ય ટુટ-ફૂટ ગણાવીને તેના નિર્ણયમાં ભૂલ કરી છે.

ખંડપીઠે કહ્યું હતું કે, ×અપીલ કરનાર સામે આરોપી દ્વારા કરવામાં આવતી ક્રૂરતાનો મામલો ચોક્કસ છે અને હાઈકોર્ટના ચુકાદાને બાજુએ રાખીને અને કૌટુંબિક અદાલતના ચુકાદાને પુનર્સ્થાપિત કરવા માટે પૂરતા ઔચિત્ય મળ્યા છે.× તદનુસાર, અપીલદાર હકદાર છે તેના લગ્ન સમાપ્ત થાય છે અને વૈવાહિક અધિકારની પુનઃ સ્થાપના માટેની પ્રતિવાદીની અરજી નામંજૂર હોવાનું માનવામાં આવે છે. તદનુસાર, આ આદેશ આપવામાં આવ્યો છે. ×

લશ્કરી અધિકારીએ તેની પત્ની પર માનસિક ક્રૂરતાનો આરોપ લગાવીને છૂટાછેડાની માંગ કરી હતી. બંનેના લગ્ન ૨૦૦૬માં થયા હતા. તેઓ થોડા મહિનાઓ સુધી સાથે રહ્યા, પરંતુ લગ્નની શરૂઆતથી જ તેમની વચ્ચે મતભેદ ઉભા થયા અને તેઓ ૨૦૦૭ થી અલગ રહેવા લાગ્યા. લશ્કરી અધિકારીએ તેની પત્ની પર માનસિક ક્રૂરતાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે તેણે વિવિધ સ્થળોએ તેની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડી છે.

અંતરનાં આયનામાં.... (લેખાંક - ૪૧)

વર્ષા જાની



ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે!... કુદરતની ગતિ અકળ અને ન્યારી છે. કોઈ વ્યક્તિ પોતાના ભાગ્યને જાણી શક્યું નથી જ. કાલે સવારે શું બનવાનું છે? એ ખૂદ મર્યાદા પુરુષ રામ પણ જાણી શક્યા નથી. પુરુષોમાં ઉત્તમ કહેવાનાર રામજીને પણ જીવનમાં અઢળક મુશ્કેલીઓના પહાડ પાર કરવા પડ્યાં હોય તો પછી સામાન્ય માણસની શી વિસાત?

મહાવીર સ્વામી, ભગવાન બુદ્ધ, નરસિંહ, મીરાં, અખો, કે એવાં અગણિત મહાપુરુષોનાં જીવન કયા જરાય સરળરીતે વહ્યા છે ખરાં?એ લોકો કાંઈ જન્મથી મહાપુરુષો થોડા હતાં!મુશ્કેલીઓ માંથી સહજ રીતે માર્ગ કાઢીને પાર ઊતર્યા. બીજાને જીવન જીવવાની જડીબુટ્ટી આપીને ગયાં, ઉત્તમ જીવનની કેડી કંડારીને ગયાં.

મહાપુરુષોની માફક કેટકેટલાયે સામાન્ય માણસોના જીવનમાં પણ અગણિત ઝંઝાવતો ઉદ્દભવે છે. કેટલાંક એમાંથી પાર ઊતરી જાય છે,તો કેટલાંકની જીવન નૈયા મધદરિયે ડૂબી પણ જાય છે!

જીવનનાં માર્ગો રસ્તાની જેમ ક્યારેય સીધા કે સરળ હોતા નથી. રસ્તે જતી વખતે ખાડા ટેકરા કે રફ રોડને ઓળંગવો જ પડે. આવા રસ્તે થી પાછા વળી જઈ શકાતું નથી. ધીમે ધીમે સાવચેતીથી, સલામત રીતે હળવે હળવે એમાંથી પસાર તો થઈ જ જઈએ છીએ. ગમે એવાં મોટાં ડાયવર્ઝન ભલેને આવે, પણ વાહન ચાલક એમાંથી હળવે હળવે માર્ગ કાઢી જ લે છે. એવી જ રીતે જીવનમાં પણ ભલે ગમે એવાં મોટાં મુશ્કેલીનાં પહાડ આવે તો પણ હળવે રહીને ખુમારીથી એને પાર કરીશું.

અમને નાખો જિંદગીની આગમાં
એ આગને પણ ફેરવીશું બાગમાં
સર કરીશું આખરે સહુ મોરચા
મોતને પણ આવવા દો લાગમાં.

શેખાદમ આબુવાલા કહે છે તેમ,જિંદગીની ગમે એવી સળગતી આગ હોય, જીવનમાં ગમે તેવું ભયંકર વાવાઝોડું ફૂંકાય તો ય અમે તો એમાંથી પાર ઊતરીને ઝંઝાવાતી જીવનને ફૂલોથી, વૃક્ષનાં છાંયાથી, પંખીઓના કલબલાટથી જીવનબાગને તાજગીથી ભરપૂર બનાવીશું. કહેવાય છે ને કે સુખનો આધાર તમે જે કાંઈ ત્યાગ કરી શકો છો તેનાં પર છે, તમે જે કાંઈ મેળવો છો તેનાં પર નહી..

જેમ હરણ કસ્તુરી શોધવા માટે આખા જંગલમાં દોડાદોડી કરે એમ માણસ સુખ શોધવા માટે બહાર દોટ મૂકે છે! આમ જુઓ તો બધાં જ જીવોમાં ફક્ત માણસ જ પૈસા કમાય છે. પણ નવાઈની વાત તો એ છે કે પૃથ્વી પરનો કોઈ જીવ ક્યારેય ભૂખ્યો રહેતો નથી.અને માણસનું ક્યારેય પેટ ભરાતું જ નથી! ગમે એટલું ઠાસીઠાસીને ભરેલું હોય, તો પણ ગમે તેવી રમતો રમી રમીને અઢળક ભેગું કરતા પણ જરાય ધરાતા જ નથી.

જિંદગી પણ એક માણવા જેવી રમત છે ભાઈ, એને તો મોજથી રમવી જ પડે! જો જીત્યા તો કશું લઈ જવાની સગવડ નથી, અને હાર્યા તો, શું લઈને આવ્યા હતાં? કે ખોઈને જવાનાં..! પ્રકૃતિએ તો બે જ રસ્તારાખ્યાં છે. કાં તો આપીને જાવ, કાં તો મૂકીને જાવ! સાથે લઈ જવાની કોઈ જ વ્યવસ્થા નથી! પણ આ માણસ સમજવા માટે તૈયાર નથી!

હડકાયા કૂતરાની જેમ ચોતરફ ભાગાભાગ કર્યા કરે છે, ભૌતિકતાનો વધારો કરવા માટે, સગવડની કૃત્રિમ ખુશી મેળવવા માટે!

અરે ભઈ,કાયમ આનંદમાં રહેવા માટે તો સુવિધાઓની નહીં,પણ સમજણની જરુર છે.

સાચી સમજણ એ જ આનંદ.,..

વર્ષા જાની
ભાવનગર
૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧

મારા બાપુ

જ્યારે રણછોડને રાધાએ કાનમાં કહ્યું કે તે પોતે મા બનવાની છે ! આ શબ્દો સાંભળીને રણછોડ એવો ક્રુધો કે રાધા ગભરાઈ ગઈ. હજુ તો ગભરામણ મટે ત્યાં રણછોડ રાધાને ઉચકીને ગોળ ગોળ ફરવા લાગ્યો. રણછોડ રાધાને ખૂબ ચાહતો. આમ જોઈએ તો બન્ને અનાથ આશ્રમમાં રહી મોટા થયા હતા.

કોને ખબર, કોણ મા, ને કોણ બાપ ? બન્ને અનાથ હતા. સાથે મ્યુનિસિપાલિટિની શાળામાં ભણ્યા. રાધા સિવવાનું કામકાજ શીખી અને રણછોડ રિક્ષા ચલાવતો. નાનપણથી સાથે મોટા થયા હતાં. પ્રેમ થઈ ગયો. પ્રેમ થઈ જાય છે, ક્યારેય પૂછીને થતો નથી ! અનાથ આશ્રમના સંચાલિકા બહેનના આશિર્વાદ લીધો. બન્ને એ ચાર ફેરા કૃષ્ણના મંદીરમાં ફરવાનું નક્કી કર્યું. સુજાતા બહેને અંતરના આશિર્વાદ આપ્યા. ખિસામાં એવા કોઈ પૈસા ન હતા, પણ આશા અને ઉમંગની કચાશ ન હતી. રાધાએ એક પૈસાપાત્રને ત્યાં તેમના દીકરા માટે 'આયા'નું કામ લીધું. પ્રેમાળ હતી., તેમના દીકરાને ખૂબ સુંદર રીતે સાચવતી. શેઠાણીને ખૂબ ગમી ગઈ. તેમના ગેરેજની બાજુમાં એક ઓરડી હતી, રાધાને રહેવા માટે આપી.

રાધા અને રણછોડને તો સ્વર્ગ મળ્યા જેવી અનુભૂતિ થઈ. રાધા તેમનું બાળક રાખતી અને સમય મળ્યે ત્યારે સિવવાનિં કામકાજ કરતી. રણછોડને કોઈની નોકરી કરવી ન હતી. ભાડા પર રિક્ષા ચલાવવા લાગ્યો. કરકસર ત્રીજો ભાઈ છે. પાંચ વર્ષમાં રાધાને જ્યારે સારા દિવસો જણાયા ત્યારે પોતાની રિક્ષા આવી ગઈ હતી.

હા, હતું મહેનતનું કામ પણ તેમાં ખુદ્દારી હતી. ગ્રાહકો સાથે પ્રેમ ભર્યો વર્તાવ કરતો હોવાથી લોકો ખુશ થઈ મનમાન્યા પૈસા પણ આપતા અને બક્ષોશ આપે તે નફામાં. રણછોડ કોઈને છેતરતો નહી. સ્ત્રી મુસાફર હોય તો શાકની થેલી યા બીજો સામાન ઉચકવા પણ લાગતો. પરિણામ લોકો ઉતરતી વખતે તેનો ફોન નંબર માગતા. જરૂરત પડે રણછોડની રિક્ષા બોલાવતા. જો રણછોડ નવરો હોય તો તરત ત્યાં પહોંચી જતો.

એક વખત શાળાના શિક્ષિકા બહેન તેની રિક્ષામાં હતા. રણછોડની વાત પરથી ખૂબ વિશ્વાસુ લાગ્યો. શાળાના દસ છોકરાઓ વચ્ચે રિક્ષા બંધાવી. સવારના શાળામાં છોડવાના અને સાંજ શાળામાંથી લઈ તેમને ઘરે સહી સલામત પહોંચાડવાના.

રાધાને જ્યારે લક્ષ્મી જેવી દીકરી આવી તો એની શેઠાણીએ સરસ મજાનું 'જીવાણુ' કર્યું. એમને ખબર હતી રાધા અનાથ છે. હવે તેમનો દીકરો મોટો થઈ ગયો હતો એટલે રાધાની જરૂર ન હતી. હવે રાધા પણ મા હતી. રાધાને એક ચાલીમાં ભાડાની જગ્યા લેવા સહાય કરી. જગ્યા ભલે બે કમરાની હતી પણ રાધા અને રણછોડ માટે સ્વર્ગ સમાન હતી.

રણછોડ રિક્ષા ચલાવે ને રાધા દિકરી તારાને ઉછેરે. ખૂબ પ્યાર આપે તારાને તો માતા અને પિતા બન્નેનું સુખ સાંપડ્યું. રાધા અને રણછોડ રાત પડે પોતાના બાળપણની વાતો કરે ત્યારે આંખમાં આંસુ આવે પણ તારાની વાતોથી મુખ પર સ્મિત રેલાઈ જાય.

તારા આસમાનના તારા જેવી ચમકદાર અને નટખટ હતી. ભગવાને રુપ સાથે બુદ્ધિ પણ ઉદાર હાથે આપી હતી. શાળામાં રોજ રણછોડ તેને રિક્ષામાં મૂકવા જાય. રાધા નાનું મોટું સિલાઈ કામ કરી ઘર ચલાવવામાં સહાય કરે. તારા, ધીમે ધીમે ઘરનું કામ પણ મા પાસે શિખતી હતી.. શાળાનો અભ્યાસ પૂરો કર્યો, કોલેજમાં આવી.

રણછોડ અને રાધાએ સંમતિ આપી. રાધા અને રણછોડનું જીવન તારાની આસપાસ ઘુમતું હતું. પ્યારથી ઉભરાતા વાતાવરણમાં તારાએ કોલેજનો અભ્યાસ પણ પૂરો કર્યો. તારાનું સ્વપનું હતું કે તે 'કલેક્ટર' બને. પણ છેલ્લા કેટલા વખતથી રાધાની તબિયત નરમ ગરમ રહેતી હતી એને એમ હતું કે તે લાંબુ નહી જીવે. મરતા પહેલાં તારાને સુખી જોવાનો ઈરાદો હતો.

કોલેજનું છેલ્લું વર્ષ હતું. કલેક્ટર બનવા શું કરવું પડે તેની તારાને જાણ હતી. માએ જ્યારે પરણવાનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે તારાએ કહ્યું, 'મા મને બે વર્ષ આપ પછી હું પરણીશ".

રાધાએ હા તો પાડી પણ અંદરથી મુંજવણ હોવાને કારણે બે મહિનામાં નાની માંદગી ભોગવીને વિદાય થઈ. રણછોડ ભાંગી પડ્યો. તારા એ બાપુને સંભાળ્યા. રણછોડે દીકરીને પોતાનું સ્વપનું પુરું કરવાની મંજૂરી આપી. દિવસ રાત રિક્ષા ચલાવીને પૈસા ભેગા કરતો.

સમજુ તારા એક પણ પૈસો ખોટો બગાડતી નહી. બાપુને ઘરકામ માં પણ મદદ કરતી. તારાને જોઈ કોઈ એમ ન માને કે એના બાપુ રિક્ષા ચલાવીને ઘર ચલાવે છે ! તારાને પોતાના બાપુ પર ખૂબ પ્રેમ, વિશ્વાસ અને શ્રદ્ધા હતા. તેને મન 'બાપુ' સર્વસ્વ હતા. માતા ગુમાવ્યા પછી, બાપુએ તો એને બધી રીતે સહાય કરી હતી. તેની મરજી વિરૂદ્ધ બાપુ કશું ન કરતા. તારાના સુખે હમેશા સુખી રહેતા બાપુ , નું હમેશા ધ્યાન રાખતી. જો જરા પણ તબિયત નરમ ગરમ જણાય તો તારા રિક્ષા ચલાવવા જવા ન દેતી. દવા લાવવાથી માંડી જમવાનું પણ ધ્યાન રાખતી.

આજે તારાનું પરિણામ આવ્યું. બાપુ તેને લેવા આવ્યા હતા. તારા આખા વર્ગમાં પ્રથમ આવી હતી. મિત્રો સાથે ખુશી મણાવવા ન જતાં બાપુની સાથે ગઈ.

બાપુ, આજે હું રિક્ષા ચલાવું અને આપણે બન્ને સાથે ચોપાટી પર કુલ્ફી ખાવા જઈએ. રણછોડ તો દીકરીને એકીટશે નિહાળી રહ્યો.

ખિસામાંના પાકિટમાંથી રાધાનો ફોટો કાઢીને બબડ્યો, "જોઈ તારી દીકરી મને આઈસક્રિમ ખાવા લઈ જાય છે, તને યાદ કરીને આજે હું બે ખાઈશ. ".પેલો ચાંદ નિરખી રહ્યો ! કોને ,બાપને કે દીકરીને ?

પ્રવિણા કડકિયા..અમેરિકા

રાજકોટમાં વેસ્ટર્ન રેલ્વેના કર્મચારીઓનું આંદોલન ઉગ્ર બન્યું

રાજકોટ,તા.૨૭

રાજકોટમાં છેલ્લા પાંચ દિવસથી વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ રાજકોટના રેલ કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા છે, જ્યાં કર્મચારીઓનાં પ્રમોશન સહિતના વિવિધ લાભો સમયસર મળતા નહીં હોવાનો આક્ષેપ રેલવે તંત્ર પર લગાવવામાં આવ્યો છે. આ હડતાળ દરમિયાન ગઈકાલે રેલવેના ડિવિઝનલ ઓપરેશન મેનેજર રાજકોટમાં આવતા તેની સામે મજદૂર સંઘના રેલ કર્મચારીઓ દ્વારા હંગામો કરવામાં આવ્યો હતા, એ વખતે પુરુષ , આરપીએફ પોલીસે મહિલા રેલ કર્મીને ધક્કો મારતા યુનિયન લીડર ભડક્યા હતા અને આવેશમાં આવીને કહ્યું હતું કે, યુ ડફર, ધક્કો મારવાનો અધિકાર તમને કોણે આપ્યો'

વધુમાં યુનિયર લીડરે આરપીએફ પોલીસને કહ્યું હતું કે, લો એન્ડ ઓર્ડર તમારા હાથમાં ન લ્યો, નહિતર પટ્ટા ઉતરતા વાર નહીં લાગે. તમારે અમારા મહિલા કર્મીને રોકવા જ હોય તો મહિલા પોલીસને બોલાવો, તમે પણ રેલવેના નોકર છો, આ રીતે ધક્કો મારવાનો તમને અધિકાર નથી ક્યાં છે ડિવિઝનલ ઓપરેશન મેનેજર ? બોલાવો એને, આટલું કહ્યા બાદ ત્યાં ઉપસ્થિત મજદૂર સંઘના સર્વે રેલ કર્મચારીઓ દ્વારા તાળીઓ પાડી આરપીએફ તેરી ગુંડાગર્દી, નહીં ચલેગી...નહીં ચલેગી..' અને 'ડીઆરએમ મુર્દાબાદ...મુર્દાબાદ...' તથા 'મજદૂરોસે મત ટકરાઓ', 'અફસર તેરી તાનાશાહી, નહીં ચલેગી...નહીં ચલેગી..', ડીઆરએમ તુમ હોશમેં આઓ,હોશમેં આઓ..હોશમેં આઓ' સહિતના નારા લગાવી ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001